# કોલસા બ્લોક ફાળવણી રદ કરવા સુષ્માની માંગ

નવી દિલ્હી,તા. ૨

કોલસા બ્લોક ફાળવણીનાં મામલે કેગનાં અહેવાલ બાદ ભાજપે આક્રમક વલણ અપનાવ્યું છે. વડાપ્રધાન મનમોહનસિંહનાં રાજીનામાંની માંગણીથી પીછેહઠ કરવાનો ભાજપે આજે સાફ ઈન્કાર કર્યો હતો. લોકસભામાં વિપક્ષનાં નેતા અને ભાજપનાં વરિષ્ઠ નેતા સુષ્મા સ્વરાજે કહ્યું હતું કે વડાપ્રધાન મનમોહનસિંહને રાજીનામું આપવું જ પડશે. ભાજપ તેમના રાજીનામાંની માંગ ઉપર મક્કમ છે. સુષ્મા સ્વરાજે એમ પણ કહ્યું છે કે ભાજપની મુખ્ય બે માંગ છે. જો આ બંને માંગને સ્વિકારી લેવામાં આવશે તો સંસદની કામગીરીની આગળ વધારવાની તક આપી શકાય છે. સુષ્માએ કહ્યું હતું કે કોલસા બ્લોકની ફાળવણી રદ થવી જોઈએ તથા સાથે સાથે કોલસા કૌભાડમાં નિષ્પક્ષ રીતે તપાસ થવી જોઈએ. જો આ બે માંગ સ્વિકારી લેવાશે તો જ સંસદની કામગીરીને આગળ વધારવાની મંજુરી અપાશે. સુષ્મા સ્વરાજે એમ પણ કહ્યું હતું કે ભાજપ મધ્યસત્ર ચુંટણી માટે સંપુર્ણ પણે તૈયાર છે. આ પહેલા શનિવારે મોડી રાત્રે સોનિયા ગાંધી અને સુષ્મા સ્વરાજ વચ્ચે ફોન પર વાતચીત થઈ હતી. ત્યારબાદથી સંસદમાં ઉભી થયેલી મડાગાંઠને ઉકેલવાનાં પ્રયાસો તીવ્ર થયા હતા. પક્ષનાં પ્રવક્તા રવિશંકર પ્રસાદે કહ્યું હતું કે ભાજપ પોતાની માંગણી ઉપર મક્કમ છે. આજે મુંબઈમાં પત્રકાર પરિષદમાં સુષ્મા સ્વરાજે સંસદમાં મડાગાંઠનો અંત લાવવા સરકાર સમક્ષ બે માંગ રજુ કરી હતી. તેમણે કહ્યું હતું કે પ્રથમ માંગ તમામ કોલસાની ફાળવણી રદ કરવાની છે. જ્યારે બીજી માંગ નિષ્પક્ષ તપાસનો આદેશ આપવાની છે. સ્વરાજે એમ પણ કહ્યું હતું કે

**સુષ્માએ શું કહ્યું.........**

- કોલસા ફાળવણીને રદ કરવાની ભાજપની માંગ યથાવત છે
- વડાપ્રધાનને રાજીનામું આપવુ જ પડશે
- મધ્યસત્ર ચુંટણી માટે પણ ભાજપ તૈયાર છે
- સંસદમાં મડાગાંઠનો અંત લાવવા સરકાર સમક્ષ બે માંગ રજુ કરાઈ છે
- સંસદની મડાગાંઠને ઉકેલવા ભાજપે વિકલ્પ રજુ કર્યા છે
- અમે કોલસા બ્લોકની ફાળવણી મામલે વડાપ્રધાનને સીધી રીતે જવાબદાર ઠેરવી રહ્યા છીએ
- ભાજપનાં મુખ્યમંત્રીઓએ કોઈપણ ખોટુ કામ કર્યું નથી
- ૧૯૯૩થી ૨૦૦૫ વચ્ચે ૭૦ કોલસા બ્લોકની ફાળવણી કરાઈ હતી પરંતુ ૨૦૦૬થી ૨૦૧૦ વચ્ચે ૧૪૨ કોલસા બ્લોકની ફાળવણી કરાઈ
- યુપીએ સરકારે કોલસા બ્લોકની ફાળવણીમાં ઉતાવળ કરી છે.



આ કૌભાંડમાં અમારા એક પણ મુખ્યમંત્રી દોષિત નથી. અગાઉ ભાજપનાં નેતાએ કહ્યું હતું કે કોલસા કૌભાંડ મામલે વડાપ્રધાનનું સ્પષ્ટીકરણ સંતોષજનક નથી. દરમિયાનમાં સંસદીય બાબતોનાં પ્રધાન પવનકુમાર બંસલે કહ્યું હતું કે કોલસા ફાળવણીને રદ કરવાનો કોઈ પ્રશ્ન નથી. સંસદની કામગીરીને આગળ પણ વધરવાનાં પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. બીજીબાજુ સુષ્માએ કહ્યું હતું કે ભાજપ મધ્યસત્ર ચુંટણી માટે પણ સંપુર્ણપણે તૈયાર છે. ભાજપ બીનજરૂરી રીતે મડાગાંઠને આગળ વધારવા માટે ઈચ્છુક નથી. મડાગાંઠનો અંત લાવવા ભાજપ વિકલ્પ આપે છે.કોંગ્રેસનાં નેતાઓ સામે તપાસ ક્યારેય પણ નિષ્પક્ષ રહી નથી. જેથી સમગ્ર કેસમાં ઝડપથી આગળ વધવાની અમારી માંગ છે. આંકડા આપતા ભાજપનાં નેતાએ કહ્યું હતું કે ૧૯૯૩થી ૨૦૦૫ દરમિયાન ૭૦ કોલસાના બ્લોકની ફાળવણી કરવામાં આવી હતી. પરંતુ ૨૦૦૬થી ૨૦૧૦દરમિયાન ૧૪૨ કોલસાબ્લોકની ફાળવણી કરવામાં આવી છે. આ આંકડા દર્શાવે છે કે સરકારે ખુબ જ ઉતાવળમાં કોલસા બ્લોકની ફાળવણી કરી હતી. પીએમઓ દ્વારા પણ આ બ્લોકની ફાળવણી સામે વાંધો ઉઠાવવામાં આવ્યો હતો. ભાજપનાં મુખ્યમંત્રીઓ સામે કરવામાં આવેલા આક્ષેપોનો બચાવ કરતાં સુષ્મા સ્વરાજે કહ્યું હતું કે તેઓએ કોઈપણ ખોટી ફાળવણી કરી નથી. કોંગ્રેસ સામે આક્ષેપોનો મારો સુષ્મા સ્વરાજે જારી રાખ્યો હતો. કોંગ્રેસનાં નેતૃત્વમાં યુપીએ સરકારનું પતન થશે અને મધ્યસત્ર ચુંટણી આવી જશે તો ભાજપ તૈયાર છે કે કેમ તે અંગે પુછવામાં આવતા સુષ્મા સ્વરાજે સાફ શબ્દોમાં કહ્યું હતું કે અમે મધ્યસત્ર ચુંટણી માટે તૈયાર છીએ.

# સમાચાર ઝલક

- વિસનગરના ચાર છાત્રો કચ્છના માંડવીના દરિયા કિનારે ડૂબ્યા.
- મહેસાણામાં હાઉસીંગ બોર્ડના ચેરમેન શ્રી જયંતભાઇ બારોટના ઘરે ચોરી.
- રેડિએશન વાળા મોબાઇલ પર પ્રતિબંધ.
- ચીનમાં બસ અકસ્માતમાં ૩૧નાં મોત.
- કોલસા ખાતા તરફ વડાપ્રધાન નારાજ, જે લોકોએ કોલસા ખનન શરૂ કરેલ નથી તેની પરમીટ રદ્દ કરવા ગુરૂવાર સુધી મહેતલ.
- નાગપુર મહારાષ્ટ્રમાં પ્લાસ્ટર ઓફ પેરિસની ગણેશ મૂર્તિ જપ્ત કરી.
- રાજઠાકરોની ધમકી હિન્દી ચેનલો મહારાષ્ટ્રમાં વ્યવસ્થિત ચલાવે નહીં તો બંધ કરાવીશું.
- અંગારકી ચોથની ઉજવણી માટે મહારાષ્ટ્રમાં તડામાર તૈયારી.
- બે જૂથો અથડામણ થવાથી સુરતના નાનપુરામાં તંગદિલી પોલીસ સામે પથ્થરમારો.
- પૂનામાં પોલીસ ઓફીસર કલબમાં ૩૦૦ છોકરાઓ શરાબ પાર્ટીમાં ઝડપાયા.
- ડી.જે.વણઝારાએ જેલમાં રહીને એમ.એસ.સી.ની ડિગ્રી લીધી.
- કોંગ્રેસ પ્રમુખ શ્રીમતી સોનિયા ગાંધી આરોગ્ય ચકાસણી અર્થે વિદેશની મુલાકાતે.
- રાજકોટમાં ગાજવીજ સાથે મુશળધાર વરસાદ.
- બાલાસિનોર હોસ્પિટલમાં નિષ્કાળજીથી દર્દીનું મોત થતાં દર્દીની પત્નીને ૧૧ લાખ ચુકવવા ગ્રાહક સુરક્ષા કોર્ટનો આદેશ.
- પાવાગઢથી દર્શન કરીને હાલોલનો ભરત લપસી જતાં ખીણમાં ૧૫૦ ફૂટ ઊંડાણમાં પડ્યો. ફાયર બ્રિગેડની બચાવ કામગીરી શરૂ.

## ઝડપાયેલા બે શકમંદોનાં પાકમાં આઈએસઆઈ સાથે સંબંધ

બેંગ્લોર,તા. ૨

વૈશ્વિક આતંકવાદી સંગંઠનો સાથે સંબંધોનાં કારણોસર ધરપકડ કરવામાં આવેલા ૧૧ શકમંદો પૈકીનાં બે પાકિસ્તાની ગુપ્તચર સંસ્થા આઈએસઆઈનાં અધિકારીઓને પણ મળી ચુક્યા છે. કર્ણાટકનાં ગ્રુહ મંત્રાલયમાં જાણકાર સુત્રોએ કહ્યું છે કે ઝડપાયેલા ૧૧ શકમંદોની આકરી પુછપરછ ચાલી રહી છે. નવી નવી વિગતો સપાટી ઉપર આવી રહી છે. લશ્કરે તોઈબા અને હુજી સાથે સંબંધ બદલ આ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. પુછપરછ દરમિયાન આ શખ્સોએ કહ્યું હતું કે તેમના પૈકીનાં બે થોડાક વર્ષ અગાઉ પાકિસ્તાનમાં આઈએસઆઈનાં અધિકારીઓને પણ મળી ચુક્યા છે. ગ્રુહ ખાતુ ધરાવનાર નાયબ મુખ્યમંત્રી આર અશોકાએ કહ્યું છે કે અમે તમામ સંભંવિત પાસાઓમાં તપાસ કરી રહ્યા છીએ જેમાં વિદેશમાં ટ્રેનિંગ અને ધરપકડ કરવામાં આવેલા શકમંદોને નાણાંકિય મદદ જેવી બાબતોનો સમાવેશ થાય છે. હાલમાં કોઈ બાબતો જાહેર કરી શકાય નહીં. મંત્રાલયમાં સુત્રોએ કહ્યું છે કે કબજે કરવાલાં ગેજેટ અને અતિઆધુનિક દુરસંચારનાં સાધનો સાબિત કરે છે કે આ પૈકીનાં બે આઈએસઆઈ સાથે સંબંધ ધરાવે છે. ઈન્ટલિજન્સ બ્યુરોનાં અધિકારીઓ આઈએસઆઈ સાથે સાઠગાંઠનાં મામલામાં વધુ માહિતી મેળવવા કર્ણાટક પોલીસની મદદ કરી રહ્યા છે. ઝડપાયેલા શખ્સો પૈકી કેટલાકે કહ્યુંછે કે હુગલીમાં ગણેશ મહોત્સવ દરમિયાન બ્લાસ્ટ કરવાની તેમની યોજના હતી. આના માટે તેઓએ એક કાર અને બે મોટરસાઈકલની ચોરી પણ બેંગ્લોરમાં કરી હતી.

# પુખ્ત સાક્ષરતા અભિયાનમાં ૭૨ ટકા મહિલાઓ સામેલ

નવી દિલ્હી,તા. ૨

સાક્ષરતાનાં દરને વધારવા દેશનાં જુદા જુદા ભાગોમાં સતત કામગીરી ચાલી રહી છે. ત્યારે હાલમાં જ જાણવા મળેલી માહિતીમાં જાણવાયું છે કે પુખ્ત વયમાં સાક્ષરતા અભિયાનમાં ૭૨ ટકા વિદ્યાર્થીઓ મહિલાઓ છે. વર્ષ ૨૦૦૯ બાદથી ૧.૯ કરોડ પુખ્ત વયનાં લોકોએ સાક્ષરતા ટેસ્ટમાં ભાગ લીધો છે. જે પૈકી ૭૨ ટકા મહિલાઓ છે. ૧.૪ કરોડ પુખ્ત વયનાં લોકોએ સાક્ષરતા ટેસ્ટમાં પાસ થવામાં સફળતા મેળવી છે. જે પૈકી ૭૨ ટકા મહિલાઓ છે. અભ્યાસ કરવા વંચિત રહેલા લોકો માટે દેશભરમાં મોટા પાયે સાક્ષરતા મિશનની કામગીરિ હાથ ધરવામાં આવી હતી. જેમાં બિહાર, છત્તીસગઢ અને રાજસ્થાને વ્યાપક તક ઝડપી લીધી છે. સરકારનાં પુખ્ત વયનાં સાક્ષરતા કાર્યક્રમ સાક્ષર ભારતમાં ૧.૯ કરોડ પુખ્ત વયનાં લોકોએ ભાગ લીધો છે. છેલ્લા બે વર્ષમાં આ કાર્યક્રમને મોટી સફળતા મળી છે. આ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવ્યા બાદથી બે વર્ષમાં મોટી સંખ્યામાં પુખ્ત વયનાં લોકો જોડોયા છે. એકલા બીહારમાંથી ૫૩ લાખ પુખ્ત વયનાં લોકોએ આ ટેસ્ટમાં ભાગ લીધો છે અને આમાં ૮૧ ટકા મહિલાઓ છે. જે પૈકી ૪૩ લાખ મહિલાઓની ગણતરી હવે સાક્ષરત તરીકે થવા લાગી છે. આંધ્ર પ્રદેશમાં પણ સાક્ષર ભારત કાર્યક્રમને મોટી સફળતા હાથ લાગી છે. આ કાર્યક્રમ હેઠળ છેલ્લા બે વર્ષનાં ગાળામાં ૩૭ લાખ પુખ્ત વયનાં લોકોએ ટેસ્ટમાં ભાગ લીધો છે અને આમાં ૮૨ ટકા મહિલાઓ છે. ૩૭ લાખ પૈકી ૨૪ લાખ આંધ્ર પ્રદેશમાં પાસ થયા છે. મહિલાઓએ ટેસ્ટમાં મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. રીપોર્ટ કાડ ઉપર નજર કરવામાં આવે તો ઘણાં રાજ્યોની સફળતાં નોંધપાત્ર રહી છે. મધ્યપ્રદેશમાં ખુબ ઓછા લોકો નોંધાયા છે.

રાજસ્થાનમાં રેકોર્ડ ૧૦ લાખ પુખ્ત વયનાં લોકો નોંધાયા છે. માનવ સંસાધન વિકાસ મંત્રાલયનાં સંયુક્ત સચિવ જગમોહનસિંહ રાજુએ કહ્યું છે કે પરિણામ ખુબ પ્રોત્સાહનજનક છે. છેલ્લા બે વર્ષનાં ગાળામાં જ ૧.૪૬ કરોડ લોકોએ આ ટેસ્ટમાં ઉપસ્થિત રહ્યા છે. સાક્ષર ભારત કાર્યક્રમનો મુખ્ય હેતુ લોકોને શિક્ષિત કરવાનો છે. એક સાક્ષરની સુધારવામાં આવેલી પરિભાષા એ છે કે શિખવા માટેનાં આશરે ૩૦૦ કલાકનો ગાળો હાજરી વાળો હોવો જોઈએ. આ કાર્યક્રમનાં ભાગરૂપે ગણતરીનાં યુનિટ શિખવાડવામાં આવે છે. ઉપરાંત સાદી ભાષા વાંચી શકાય તેવું જ્ઞાન અપાય છે.

## બિહારમાં બ્રહ્મકુંડમાં સ્નાન વેળા ભાગદોડથી બે મોત

બિહારશરીફ,તા. ૨

બિહારનાં નાલંદા જિલ્લામાં રાજગીર ખાતે આજે ભાગદોડ મચી જતાં બે શ્રદ્ધાળુઓનાં મોત થયા હતા. ઘણાં લોકો ઘાયલ પણ થયા હતા. રાજગીર ખાતે બ્રહ્મકુંડમાં સ્નાન કરવાને લઈને આ ભાગદોડ મચી ગઈ હતી.

પોલીસે માહિતી આપતાં કહ્યું છે કે શ્રદ્ધાળુઓ રાજગીરમાં હાલમાં ચાલી રહેલા મલમાસ તહેવાર દરમિયાન ગરમ પાણીનાં કુંડમાં સ્નાન કરવા પહોંચી રહ્યા હતા ત્યારે જ આ બનાવ બન્યો હતો. મૃત્યુ પામેલા શ્રદ્ધાળુ પૈકી એકની ઓળખ કરી લેવામાં આવી છે. આ શ્રદ્ધાળુ રૂદ્રનારાયણ તરીકે ઓળખાયા છે. શ્રદ્ધાળુઓની હિલચાલ અને અવરજવનને નિયત્રિત કરવા તમામ પગલા લેવાયા હતા પરંતુ આ ભાગદોડનાં કારણે તમામ વ્યવસ્થા ખોરવાઈ ગઈ હતી. પોલીસ સુત્રોએ કહ્યું છે કે મેળા દરમિયાન આ ભાગદોડ કુંડમાં સ્નાન કરવા માટે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પહોંચી ગયા હતા. વધુ સંખ્યામાં શ્રદ્ધાળુઓ એકત્રીત થઈ જતાં અફડાતફડી મચી ગઈ હતી. જેથી બેરીકેડ પણ તુટી ગયા હતા. માર્યા ગયેલા બધા લોકો ભાગદોડ દરમિયાન પડી ગયા હતા. જેનાં કારણે કચડાઈ જવાથી આના મોત થયા હતા.

**(હું રસ્તે રઝળતી વારતા)** (પાના નં. ૪ નું ચાલુ)

આ હૃદયદ્રાવક દૃશ્ય જોઇને આંખમાં પાણી આવી જાય. મને થયું, ક્યારે ઘરે જાઉંને ક્યારે આ પ્રેરક પ્રસંગોની હારમાળાની વાત કરૂં. સાંજે ઘરે પહોંચીને સૌથી પહેલાં પત્નીને આજની અજાયબ ઘટનાઓ વિષે કહ્યું, પણ એ તો નવાઇ પામવાને બદલે નવાઇ પમાડવાનું નક્કી કર્યું હોય એમ બોલી -

'તમારા અનુભવોથીય ચઢિયાતો અનુભવ આજે મને ઘરે બેઠાં થયો. તમે ઘરેથી નીકળ્યા પછી થોડીવારમાં અહીં પોલીસની વાન આવી. પોલીસો ત્રણ ટુકડીમાં વહેંચાઇ ગયાં. શું ચાલી રહ્યું છે એ મહોલ્લાવાસીઓ સમજે એ પહેલાં તો તેઓ સલીમ સ્મગ્લર, બીરજું બુટલેગર અને ગોપીનાથ ગેમ્બલરને બાવડેથી ઝાલીને ચોકની વચ્ચોવચ લઇ આવ્યાં.'

શું વાત કરે છે? મારા તો માનવામાં નથી આવતું.

'અરે, આટલું જ નહીં, એમનાં વડાએ સૌને કહ્યું, જરા પણ ગભરાયા વિના આવા ગુંડાતત્ત્વોની અમને જાણ કરો. અમે ચોવીસ કલાક તમારી સેવામાં હાજર છીએ.' બસ, બસ, હવે આગળ વધુ સાંભળીશ તો હું ગાંડો થઇ જઇશ. ગાંડા થવાની કંઇ જરૂર નથી. હવે પોલીસ ખાતામાં ધરમૂળથી ફેરફાર થઇ જવાના છે. 'ક્રાંતિ થશે ક્રાંતિ.'

સાચે જ આને ક્રાંતિ કહેવાય, જે સલીમ સ્મગ્લર, બીરજુ બુટલેગર અને ગોપીનાથ ગેમ્બલર આખા મહોલ્લાનો માથાનો દુ:ખાવો થઇ ગયા હતા, જેમના રંજાડની બીકે સૌ થરથર કાંપતા હતા એ જોતજોતામાં જેલનાં સળિયા પાછળ! આજના બનાવોથી મારું મગજ એવું તો ચકરાવે ચઢ્યું હતું કે, હવે મને ચા પીવાની સખત તલપ લાગી હતી. જાણે મારા વિચારોનો પડઘો પાડતી હોય એમ પત્નીએ કહ્યું,

'ચાલો, ગરમગરમ ચા પીવડાવીને તમને ખાતરી કરાવું કે, 'આજે બનેલી બધી વાત સાચી છે અને હવે આપણે ગર્વથી 'મેરા ભારત મહાન'ના નારા લગાવી શકીશું.' પત્ની ટ્રેમાં ચા લઇને આવી. મને ચા પીવાની એટલી ઉતાવળ આવી ગઇ હતી કે, તરાપ મારીને ટ્રેમાંથી કપ લેવા ગયો ત્યાં કપ છટક્યોને ધગધગતી ચા મારા પર પડી. પણ આશ્ચર્ય! મને જરાય ગરમ કેમ ન લાગ્યું? ફટાક કરતી મારી આંખ ખૂલી ગઇ. ઘડિયાળમાં જોયું, રાતના બે વાગ્યા હતા.સુંદર મજાનું સ્વપ્ન ભંગ થવાના અફસોસ સાથે હું ગાઇ ઉઠ્યો, 'જાગીને જોઉં તો જગત દીસે નહીં...'

**સંદર્ભ : સુરેન્દ્રનગર પત્રિકાને આધારે**

# ટોચની ૮ કંપનીઓની માર્કેટ મૂડી ૩૦૦૦૪ કરોડ ઘટી છે

મુંબઈ,તા. ૨

એનર્જી ક્ષેત્રની મહાકાય કંપની ઓઓનજીસીના નેતૃત્વમાં ટોચની આઠ કંપનીઓની સંયુક્ત માર્કેટ મુડીમાં ૩૦૦૦૪ કરોડનું નુકાસાન થયું છે. ગયા સપ્તાહમાં આ આઠ કંપનીઓની માર્કેટ મુડીમાં જંગી ઘટાડો થવા માટે અનેક કારણો જવાબદાર રહ્યા છે. જો કે ટીસીએસ અને આઈટીસીની માર્કેટ મુડીમાં આ સપ્તાહમાં વધારો થયો છે. આરઆઈએલ, ઓનજીસી, સીઆઈએલ, એચડીએફસી, એનટીપીસી, ઈન્ફોસીસ, એસબીઆઈ અને એચયુએલની માર્કેટ મુડીમાં ઘટાડો થયો છે. સપ્તાહ દરમિયાન બજારમાં નબળા પ્રવાહની અસર જોવા મળી હતી.

રોકાણકારો હાલ સાવધાનીપૂર્વકનું વલણ અપનાવી રહ્યા છે. બીએસઈ-૩૦ શેર ઈન્ડેક્સ સેન્સેક્સમાં શુક્રવારે પુરા થયેલા સપ્તાહ દરમિયાન આશરે બે ટકાનો ઘટાડો થયો હતો. ઉપલબ્ધ થયેલા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે ઓએનજીસીની માર્કેટ મુડી ૯૩૬૯ કરોડ ઘટી ગઈ છે. જેથી તેની માર્કેટ મુડી ઘટીને ૨૩૬૨૫૯ કરોડ સુધી પહોંચી ગઈ છે. કંપનીના શેરની કિંમતમાં સપ્તાહ દરમિયાન ૩.૮૧ ટકાનો ઘટાડો થયો હતો. કોલ ઈન્ડિયાને સપ્તાહ દરમિયાન ૮૯૩૮ કરોડનું નુકસાન થયું છે. જેથી તેની માર્કેટ મુડી ઘટીને ૨૨૨૮૦૯ કરોડ થઈ ગઈ છે. કંપનીના શેરની કિંમતમાં ઉલ્લેખનીય ઘટાડો થયો છે. દરમિયાન ઈન્ફોસીસની માર્કેટ વેલ્યુમાં ૪૧૪૦ કરોડનો ઘટાડો થયો છે. જેથી તેની માર્કેટ વેલ્યુ ઘટીને ૧૩૬૨૭૯ કરોડ થઈ ગઈ છે. એસબીઆઈને પણ જંગી નુકસાન થયું છે. તેની માર્કેટ મુડીમાં ૩૩૪૨ કરોડનું નુકસાન થયું છે. જેથી તેની માર્કેટ મુડી ઘટીને ૧૨૩૮૦૭ કરોડ થઈ ગઈ છે. આરઆઈએલે પણ આ સપ્તાહ દરમિયાન ૩૨૮૫ કરોડ ગુમાવ્યા છે. જેથી તેની માર્કેટ મુડી ૨૪૯૮૨૯ કરોડ થઈ ગઈ છે. એનટીપીસીની માર્કેટ વેલ્યુમાં ૫૭૭ કરોડનો ઘટાડો થયો છે. જેથી તેની માર્કેટ મુડી ઘટીને ૧૩૮૪૮૨ કરોડ થઈ ગઈ છે. એચડીએફસી બેંકે પણ ૨૨૪ કરોડ રૂપિયા ગુમાવ્યા છે. અન્ય જે કંપનીઓની માર્કેટ મુડીમાં ઘટાડો થયો છે તેમાં એચયુએલનો સમાવેશ થાય છે. તેની માર્કેટ મુડીમાં ૧૨૯ કરોડનો ઘટાડો થયો છે. આની બિલકુલ વિરૂદ્ધમાં ટીસીએસની માર્કેટ મુડીમાં સપ્તાહ દરમિયાન ૪૭૫૬ કરોડનો વધારો થયો છે. જેથી તેની માર્કેટ મુડી ઘટીને ૨૬૩૯૯૬ કરોડ સુધી પહોંચી ગઈ છે. આઈટીસીની માર્કેટ મુડી ૧૮૮૦ કરોડ વધીને ૨૦૯૫૭૩ કરોડ થઈ ગઈ છે. છેલ્લા સપ્તાહમાં માર્કેટ મુડીની દ્રષ્ટીએ ટોચની દસ કંપનીઓની યાદીમાં ટીસીએસએ તમામનું નેતૃત્વ કર્યું છે. ત્યારબાદ યાદીમાં ક્રમશઃ આરઆઈએલ, ઓએનજીસી અને અન્ય કંપનીઓ આવે છે.

## મીર્ચપુર હત્યા કેસ : ફરાર શખ્સે શરણાગતિ સ્વિકારી

નવી દિલ્હી,તા. ૨

વર્ષ ૨૦૧૦નાં મીર્ચપુર દલિત હત્યા કેસનાં સંબંધમાં પોલીસ કસ્ટડીમાંથી ફરાર આરોપી પૈકી એકે દિલ્હી કોર્ટ સમક્ષ શરણાગતી સ્વિકારી લીધી છે. આરોપી જસ્બીર ગયા વર્ષે ૨૪મી મેનાં દિવસે ફરાર થઈ ગયો હતો. રોહિણી કોર્ટમાં તેને અન્ય આરોપીઓની સાથે સુનાવણી માટે લવાઈ રહ્યો હતો ત્યારે તે ફરાર થઈ ગયો હતો. આરોપી જસ્બીરે હવે એડિશનલ સેશન જજ કામિની સમક્ષ શરણાગતી સ્વિકારી લીધી છે. કોર્ટે જસ્બીરને ભાગેડુ આરોપી જાહેર કર્યો હતો. તપાસ અધિકારીએ આ સંબંધમાં માહિતી આપતા કહ્યું છે કે તેની સામે ગંભીર આક્ષેપો કરાયા છે. ૨૧મી એપ્રિલ ૨૦૧૦નાં દિવસે ૭૦ વર્ષીય પુરૂષ અને તેની ૧૮ વર્ષીય માનસીક રીતે વિકલાંગ પુત્રીનું એક ટોળાએ સળગાવી દીધા હતા. આ બનાવ હરિયાણાંનાં હિસાર જિલ્લામાં મીર્ચપુર ગામમાં બન્યો હતો. જાટ સમુદાયનાં લોકોએ આ અત્યાચાર ગુજાર્યો હતો. ભારે હોબાલો થતાં આ કેસ આખરે દિલ્હીમાં ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. ભોગ બનેલા લોકોનાં પરિવાર દ્વારા અરજી કરાયા બાદ સુપ્રીમે આ કેસ દિલ્હી ટ્રાન્સફર કર્યો હતો. આમાં પાંચ લોકોને અપરાધી ઠેરવવમાં આવ્યા હતા જ્યરે ૮૨ લોકો નિર્દોષ છુટ્યા હતા. ગયા વર્ષે ઓક્ટોબરમાં ત્રણને આજીવન કારાવાસની સજા કરી હતી.

# કર્ણાટકમાં ત્રાસવાદી માળખાને લઇને ઉંડી તપાસ : વધુ એક યુવાનની ધરપકડ

બેંગ્લોર,તા. ૨

બેંગ્લોર પોલીસે લશ્કરે તોઈબા અને હુજી સાથે સાઠગાંઠ બદલ વધુ એક યુવાનની ધરપકડ કરી છે. કર્ણાટકમાં ત્રાસવાદી માળખાને લઈને ઉંડી તપાસ ચાલી રહી છે. કર્ણાટકમાં ધરપકડ કરાયેલાઓની સંખ્યા વધીને ૧૩ ઉપર પહોંચી છે. શહેર પોલીસ કમિશ્નર જ્યોતિપ્રકાશે માહિતી આપતાં કહ્યું છે કે શહેર પોલીસની સેન્ટ્રલ ક્રાંઈમ બ્રાંચે ૨૨ વર્ષીય મોહંમદ અકરમ નામનાં શખ્સની ધરપકડ કરી છે. તે શહેરનાં મેજેસ્ટિક વિસ્તારમાં ઝડપાયો છે. અહીંથી ભાગી છુટવાનાં પ્રયાસમાં હતો ત્યારે જ તેને પકડી પાડવામાં આવ્યો હતો. તેની પાસેથી સ્વદેશી બનાવટની ૭.૬૫ એમએમ પિસ્તોલ, ૧૬ કારતુસ અને વાંધાજનક દસ્તાવેજોનો સમાવેશ થાય છે. પ્રાથમિક તપાસ દરમિયાન એવું જાણવા મળ્યું હતું કે તે મહારાષ્ટ્રનાં નાંદેદ જિલ્લાનો છે. એક



વર્ષ સુધી સાઉદી અરબિયામાં પણ રહી ચુક્યો છે. હાલમાં જ તે ભારત પરત ફર્યો હતો. એવું જાળવા મળ્યું છે કે છેલ્લાં ઘણાં દિવસથી તે બેંગ્લોરમાં હતો અન્ય ઝડપાયેલાઓની સાથે તે બેંગ્લોર અને અન્ય જગ્યાઓએ હુમલો કરવાની યોજના બનાવી રહ્યો હતો. અન્યોની ધરપકડ કરાયા બાદથી તે સંતાઈ ગયો હતો. અને બેંગ્લોરમાંથી નાસી છુટવાનાં પ્રયાસમાં હતો. આતંકવાદી કેસમાં તપાસ કરવા તપાસ ટીમ સતત પ્રયાસ કરી રહી છે. આ કેસનાં સંબંધમાં ઝડપાયેલાઓની સંખ્યા વધીને ૧૩ ઉપર પહોંચી ગઈ છે. શુક્રવારનાં દિવસે ૧૧ આતંકવાદી શકમંદો દ્વારા આપવામાં આવેલી માહિતીનાં આધાર પર હૈદરાબાદમાં ૨૧ વર્ષીય એક વિદ્યાર્થીની ધરપકડ કરવામાં આવી હતી. આ સપ્તાહની શરૂઆતમાં હુબલી અને બેંગ્લોરમાં ૧૧ આતંકવાદી શકમંદોની ધરપકડ કરવામાં આવી હતી. ઝડપાયેલા ૧૧ શખ્સોમાં બેંગ્લોરમાં છ અને હુબલીનાં પાંચ શખ્સો છે. આ તમામનાં લશ્કરે તોઈબા અને હુજી સાથે સીધા સંબંધ હોવાનું જાણવા મળ્યું છે. આ ખતરનાક શખ્સો બેંગ્લોર અને આસપાસના વિસ્તારોમાં હુમલા કરવાની યોજના ધરાવતા હતા. તેમનાં નેટવર્કને તોડી પાડવા હજુ પણ કર્ણાટક પોલીસ ઉંડી તપાસ કરી રહી છે.

## મુલાયમને પ્રાથમિક રીતે સફળતા હાથ લાગી નથી

નવી દિલ્હી,તા. ૨

સમાજવાદી પાર્ટીનાં વડા મુલાયમસિંહ યાદવ ઉત્તર પ્રદેશમાં ચુંટણીમાં જીત થયા બાદથી ત્રીજા મોરચાની શક્યતા ચકાસવામાં લાગેલા છે. પરંતુ મુલાયમસિંહ તેમનાં જાદુથી ઘણાં પક્ષોને પ્રભાવિત કરી શક્યા નથી. બીજુ જનતા દળ અને જયલલિતા અન્ના દ્રમુક જેવા પક્ષો મુલાયમથી દુર ભાગી રહ્યા છે. મુલાયમે ત્રીજા મોરચાને સજીવન કરવા હંમેશા પ્રયાસો કર્યા છે. સમાજવાદી પાર્ટી, ડાબેરીઓ અને ટીડીપી દ્વારા આયોજીત સંસદમાં દેખાવો દરમિયાન બીજેડી અને અણ્ણા દ્રમુકે ભાગ લીધો ન હતો જેથી મુલાયમનો ફટકો પડ્યો છે. મુલાયમસિંહનાં નેતૃત્વમાં રચવામાં આવનાર આ ગ્રુપમાં સામેલ થવા આ બંને પક્ષો બીલકુલ તૈયાર નથી. બીજેડીએ સાવધાનીપુર્વકનું વલણ અપનાવ્યું છે. મુલાયમ હજુ પણ ચિત્ર ફેરવી કાઢવામાં સક્ષમ નથી તેમ આ પક્ષો માને છે. આ જ કારણસર કોલસા બ્લોકની ફાળવણીમાં કૌભાંડ અંગે બીજેડી દ્વારા વલણ જુદા પ્રકારનું રહ્યું છે. કેગનો અહેવાલ આવી ગયા બાદ સંસંદમાં મડાગાંઠની સ્થિતી ઉભી થયેલી છે. આ પરિસ્થિતીમાં તમામ રાજકિય પક્ષો પોતપોતાની પ્રતિષ્ઠાને સુધારવાનાં પ્રયાસમાં લાગી ગયા છે. સંસંદની કામગીરી નહીં ચાલવા દેવાની ભાજપની યુક્તિથી પણ બીજેડી અલગ છે. કોલસા કૌભાંડ મામલે બીજુ જનતાદળ ઉતાવળમાં કોઈ પગલા લેવા ઈચ્છુક નથી.

## કેરળમાં ટેંકર વિસ્ફોટમાં મૃત્યુઆંક વધી ૧૮ થયો

કન્નુર,તા. ૨

કેરળમાં એલપીજી ટેંકર વિસ્પોટમાં મોતનો આંકડો વધીને આજે ૧૮ ઉપર પહોંચી ગયો હતો. બે મહિલાઓ સહિત વધુ ત્રણ લોકોનાં મોત થતાં મોતનો આંકડો વધીને ૧૮ ઉપર પહોંચી ગયો છે. બચાવ અને રહાત કામગીરી હજુ પણ ચાલી રહી છે. કેરળમાં ટેંકર વિસ્ફોટ બાદ આગ ફાટી નિકળી હતી. શનિવારે મોડી રાત્રે એક ખાનગી હોસ્પિટલમાં વધુ એકનું મોત થયું હતું. જ્યારે અન્ય એક મહિલાનું કર્ણાટકમાં મેંગ્લોર ખાતેની હોસ્પિટલમાં મોત થયું હતું. પાંચ લોકાની હાલત હજુ પણ ગંભીર જણાવવામાં આવી છે.